ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
બ્લોક નં.૮/૯ મો માળ, ઉદ્યોગભવન,
ગાંધીનગર.

## મહિલા દ્વારા નિર્મિત/ઉત્પાદીત ચીજવસ્તુઓનો "હસ્તકલા મેળો-૨૦૨૧" વસ્ત્રાપૂર હાટ,અમદાવાદ મેળામાં ભાગ લેવા અરજી કરવા બાબત.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. દ્વારા રાજ્યમાં વિવિધ સ્થળોએ હાથશાળ- હસ્તકલાના પ્રદર્શન સહ વેચાણ મેળાઓનું આયોજન કરવામાં આવે છે. **હસ્તકલા મેળો-2021 વસ્ત્રાપૂર હાટ,અમદાવાદ, મેળાનું આયોજન તા.૧૧/૯/૨૦૨૧ થી તા.૧૭/૯/૨૦૨૧ અને તા.૧૯/૯/૨૦૨૧ થી તા.૨૫/૯/૨૦૨૧ સુધી નિગમ દ્વારા કરવામાં આવેલ છે.** આ મેળામાં ભાગ લેવા ઈચ્છતા મહિલા કારીગરોએ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમનું કાર્ડ, ઇન્ડેક્ષ-સી, ડેવલપમેન્ટ કમિશ્નર(હેન્ડલુમ) મીનીસ્ટ્રી ઓફ ટેક્સટાઇલ અને ડેવલપમેન્ટ કમિશ્નર (હેન્ડીક્રાફટ) મીનીસ્ટ્રી ઓફ ટેક્સટાઇલ ઓફિસ પૈકી કોઇપણ એક કાર્ડ ધરાવતા વ્યક્તિગત મહિલા કારીગરોએ નિગમની કચેરીએ રૂબરૂ અથવા ટપાલ મારફતે અથવા gwedcgnr@gmail.com ઇ-મેઇલ મારફત તા.૮/૯/૨૦૨૧ સમયઃ ૧૭.00 કલાક સુધીમાં પહોંચે તે રીતે અરજી નિયત નમૂનામાં મોકલી આપવાની રહેશે. આ અરજીનો નમૂનો અત્રેની કચેરીએથી રૂબરૂ અથવા ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી., ગાંધીનગરની વેબસાઇટ http://gwedc.gov.in/ પરથી ડાઉનલોડ કરી શકશો. વધુ માહિતી (M) No.૯૬૦૧૯૦૯૦૫૦ અને (M) No.૭૯૮૪૧૯૭૯૪૨ ઉપર મળી શકશે.

જનરલ મેનેજર
ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
ગાંધીનગર